**રાજકોટના મહે. ૧૧ માં એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ**

**-----------------------------------------**

**ફોજદારી કેસ નં.: ૧૪૦૦૯/૨૦૨૨**
**આંક:- ૧૦**

**ફરીયાદી- સરકારશ્રી**

**વિરૂઘ્ઘ**

**આરોપી - ગફારભાઈ ઈસ્માઈલભાઈ તરકબાણ**
રહે. રાજકોટ

**ગુન્હો :- પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી)...**

**:: ઓર્ડર ::**

**(૧)** આરોપીને સમન્સ કરતા તેઓ કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપી વિરૂઘ્ઘ આંક-૯ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલી છે.

**(૨)** અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવતા છતા તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ આંક-૮ થી ગુના કબુલાતની પુરશીશ આપી જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી અમો છુટક મજુરી કામ કરીએ છીએ અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી અમો અમારા કુટુંબમાં એક જ કમાનાર સભ્ય છીએ. અમારા બાળ બચ્ચા તથા અમારા કુટુંબના ભરણ પોષણની જવાબદારી અમારા ઉપર રહેલી છે. અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશુ નહી તેવી ખાત્રી આપીએ છીએ જેથી અમારી

સામાજીક તથા આર્થિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી અમારી ઉપર રહેમરાહ રાખવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વગર પાસ પરમીટના દારૂનો નસો કરી જાહેર સ્થળ ઉપરથી પકડાયેલ છે, જેથી આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે.

(૪) આ કામે પોલીસ દવારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામુ, સાહેદોના નિવેદનો, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ લોહીના નમુનાનું પ્રમાણપત્ર ધ્યાને લેતા આરોપીએ ગુનો કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) હેઠળનો ગુનો કરેલ હોવાનું જણાઈ આવે છે.

(૫) આરોપી વિરૂધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી દવારા રજુ કરવામાં આવેલ આંક–<u>૮</u> ની ગુના કબુલાત પુરશીશ વંચાણે લેતા તેમા જણાવેલ કારણો ધ્યાને લેતા તેમજ આરોપીની મારી સમક્ષ રૂબરૂ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે. તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુંક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા રેકર્ડ વંચાણે લેતા આ આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય આવે છે. જેથી મારૂ નમ્રપણે માનવુ છે કે, આરોપી ઉપર રહેમરાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી શકે અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે. તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાય અને ઉચિત માનુ છું.

(૬)   આમ આરોપીની કબુલાત પુરશીશ તથા આરોપીના સામાજીક સંજોગો ધ્યાને લેતા કાયદાએ સુચવેલ નિમ્નતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને પ્રબળ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો તેવુ હું નમ્ર પણે માનું છું. આરોપીની સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ન ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તારીખ : ૧૧ મી, માંહે : ફેબ્રુઆરી, સને : ૨૦૨૩ ના રોજ લોકઅદાલતના સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ: ૧૧/૦૨/૨૦૨૩.

( એમ. જી. શાહ )
૧૧માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
રાજકોટ
[U.I.C. NO. GJ00962]